RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૧૦ | બુધવાર તા.૨૪-૦૬-૨૦૨૬ | અંક : ૧૯૭ વર્ષ : ૨૩ | news@aaspassindia.com | કિંમત રૂ. ૨-૫૦ | પાના - ૮

# મુંબઈમાં મુશળધાર વરસાદથી જનજીવન ખોરવાયું

## રાતભર જોરદાર વરસાદ પડતા સાકીનાકા, બાંદ્રા, સાયન, અંધેરી વેસ્ટ અને બોરીવલી ઈસ્ટ જેવા વિસ્તારોમાં ભારે પાણી ભરાયા : લોકલ ટ્રેન સેવાને પણ થઈ અસર







મુંબઈ

મુંબઈ અને ઉપનગરોમાં મંગળવાર રાતથી જ પડી રહેલાં મુશળધાર વરસાદને કારણે અનેક ઘણા નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને આગામી કેટલાક કલાકો મુંબઈગરાઓ માટે ચિંતાજનક માનવામાં આવી રહ્યા છે. સાકીનાકા, બાંદ્રા, સાયન, અંધેરી વેસ્ટ અને બોરીવલી ઈસ્ટ જેવા વિસ્તારોમાં ભારે પાણી ભરાયા છે. જોકે, મેઘરાજાના આ ધમાકેદાર કમબેકને કારણે ગરમી અને ઉકળાટથી પરેશાન મુંબઈગરાએ રાહતનો શ્વાસ લીધો છે.

મળતી માહિતી અનુસાર મંગળવાર રાતથી મુંબઈ અને ઉપનગરોમાં મેઘરાજાએ તોફાની હાજરી પૂરાવી છે. મુશળધાર વરસાદને કારણે અનેક ઘણા નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. સાકીનાકા, બાંદ્રા, સાયન, અંધેરી વેસ્ટ અને બોરીવલી ઈસ્ટ જેવા વિસ્તારોમાં ભારે પાણી ભરાયા છે. અંધેરી વેસ્ટ અને ગાંધી માર્કેટમાં વહેલી સવારથી જ ઘૂંટણ સમા પાણી ભરાઈ જવાને કારણે ઘણા વાહનો રસ્તા પર જ બંધ પડી ગયા હતા, જેને ટ્રાફિક પોલીસ બહાર કાઢવાનો પ્રયાસ કરી રહી છે.

ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર પણ પાણી ભરાવાને કારણે ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે, જેથી મુંબઈ તરફ આવતો અને થાણે તરફ જતો વાહનવ્યવહાર ખૂબ ધીમો પડી ગયો છે. થાણેમાં આનંદ નગર નાકા પાસે એક મોટું ઝાડ ધરાશાયી થવાને કારણે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી છે, જ્યારે અન્ય એક જગ્યાએ ઝાડ પડવાથી પાંચ વાહનોને નુકસાન થયું છે. મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનો પર પણ આ વરસાદની સીધી અસર જોવા મળી રહી છે. મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનના સંચાલનમાં પણ વિક્ષેપ થયો છે. મધ્ય, પશ્ચિમ અને હાર્બર ત્રણેય લાઈન પર લોકલ ટ્રેનો પોતાની નિયમિત ગતિ કરતા ધીમી ચાલી રહી છે, અને જો વરસાદ આવો જ ચાલુ રહેશે તો લોકલ સેવાઓ વધુ ખોરવાઈ શકે છે, એવી ભીતી પણ સેવાઈ રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી થોડા કલાકો સુધી મુંબઈ શહેર, ઉપનગરો અને પાલઘર જિલ્લામાં વીજળીના કડાકા-ભડાકા સાથે અને કલાકના ૪૦થી ૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. આ સાથે જ મુંબઈના દરિયામાં સવારે ૮:૨૫ વાગ્યે મોટી ભરતી એટલે કે હાઈ ટાઈડ હોવાથી, જો આ સમયે પણ ભારે વરસાદ ચાલુ રહેશે તો મુંબઈમાં પાણી ભરાવાની સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. આ જ કારણે પ્રશાસન દ્વારા લોકોને વગર કામે ઘરની બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે.



ગાઝાના ભૂમધ્ય સમુદ્ર કિનારા પર એક ભીડભાડથી ભરેલી કામચલાઉ શિબિર ઉભી કરવામાં આવી છે, જ્યાં લોકો ખોરાક, સ્વચ્છ પીવાનું પાણી, વીજળી અને આવશ્યક આરોગ્ય સંભાળ જેવી મૂળભૂત જરૂરિયાતો મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

# અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની લોકપ્રિયતા તળિયે

## ઈરાન સામેના યુદ્ધ બાદ ટ્રમ્પની લોકપ્રિયતામાં થયો મોટો ઘટાડો : અમેરિકન સેનેટે પણ સૈન્ય કાર્યવાહી ઉપર રોક લગાવતો ઠરાવ પસાર કર્યો

વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વિદેશ અને સૈન્ય નીતિઓને લઈને ખુદ અમેરિકામાં જ ભારે વિરોધનો વંટોળ ઊભો થયો છે. એક તરફ અમેરિકન સંસદના ઉપલા ગૃહ 'સેનેટ' દ્વારા ઈરાન વિરુદ્ધ ટ્રમ્પ પ્રશાસનની સૈન્ય કાર્યવાહી પર રોક લગાવતો એક મહત્ત્વનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. તો બીજી તરફ, તાજેતરના એક આંતરરાષ્ટ્રીય સર્વેક્ષણમાં પ્રમુખ ટ્રમ્પની લોકપ્રિયતા ઘટીને તેમના બીજા કાર્યકાળના સૌથી નીચલા સ્તરે પહોંચી ગઈ છે.વ્હાઈટ હાઉસે આ પ્રસ્તાવને અબંધનકર્તા અને અસંવિધાનિક ગણાવ્યો છે. પ્રશાસનનું કહેવું છે કે રાષ્ટ્રીય સુરક્ષા માટે સૈન્ય પગલાં લેવાનો પ્રમુખ પાસે બંધારણીય અધિકાર છે. જો કે, ભલે આ પ્રસ્તાવથી કાનૂની અસર ન પડે, પરંતુ બંને ગૃહોમાં ડેમોક્રેટ અને રિપબ્લિકન સાંસદો દ્વારા ટ્રમ્પના યુદ્ધના અધિકારો પર સવાલ ઉઠાવવા એ વ્હાઈટ હાઉસ માટે મોટો રાજકીય આંચકો છે. હાલમાં બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ લાગુ છે અને સ્વિટ્ઝરલેન્ડના જિનીવામાં શાંતિ કરારને લઈને બેઠકો પણ યોજાઈ ચૂકી છે.



ઈરાન સાથેના યુદ્ધની સ્થિતિ અને દેશની આંતરિક પરિસ્થિતિને કારણે અમેરિકન નાગરિકોમાં ટ્રમ્પ પ્રશાસન પ્રત્યેનો અસંતોષ સપાટી પર આવ્યો છે. 'રોયટર્સ/ઈપ્સોસ' ના તાજા પાંચ દિવસીય સર્વેક્ષણના પરિણામો ચોંકાવનારા છેઃ ડોનાલ્ડ ટ્રમ્પનું એપ્રુવલ રેટિંગ (લોકપ્રિયતા) ઘટીને માત્ર ૩૪% રહી ગયું છે, જે તેમના બીજા કાર્યકાળનું સૌથી નીચું સ્તર છે. તેમણે આ કાર્યકાળની શરૂઆત ૪૭% રેટિંગ સાથે કરી હતી.સર્વેમાં માત્ર ૨૪% લોકોએ જ ઈરાન સામેના યુદ્ધને યોગ્ય ઠેરવ્યું છે, જ્યારે ૫૦% લોકો માને છે કે આ યુદ્ધ તેના ખર્ચ અને નુકસાનના પ્રમાણમાં બિલકુલ નકામું હતું. આશરે ૬૩% અમેરિકનોને એવો ભરોસો નથી કે ટ્રમ્પ દ્વારા ઈરાન સાથે કરવામાં આવેલા યુદ્ધવિરામ સમજૂતીથી લાંબાગાળાની સ્થાયી શાંતિ સ્થપાશે. પ્રમુખ ટ્રમ્પ માત્ર વિદેશ નીતિ જ નહીં, પરંતુ અમેરિકાની આંતરિક આર્થિક સ્થિતિને કારણે પણ ઘેરાયા છે. દેશમાં સતત વધી રહેલી મોંઘવારી અને જીવનનિર્વાહના ઊંચા ખર્ચના મુદ્દે જનતા ભારે નારાજ છે, જેના કારણે આ મોરચે તેમનું રેટિંગ સૌથી ઓછું એટલે કે માત્ર ૨૨% નોંધાયું છે. આ ઉપરાંત તેમની કડક ઈમિગ્રેશન (આવ્રજન) નીતિ સામે પણ લોકોની નારાજગી વધી રહી છે, જ્યાં તેમની રેટિંગ ઘટીને ૩૭% થઈ ગઈ છે. અમેરિકન સેનેટમાં ટ્રમ્પ પ્રશાસનની ઈરાન નીતિ વિરુદ્ધ લાવવામાં આવેલો પ્રસ્તાવ ૫૦ વિરુદ્ધ ૪૮ મતોની પાતળી સરસાઈથી પસાર થઈ ગયો છે.

# દિલ્હીમાં વિકરાળ આગની ઘટનામાં ૩૦ ઝૂંપડા બળીને રાખ થયા

## ફાયર વિભાગ અને પોલીસની ટીમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ૧૨ લોકોને આગમાંથી સલામતરીતે બહાર કાઢ્યા

નવી દિલ્હી

દિલ્હીમાં માર્ચ માસમાં લાગેલી ભયાનક આગની દુર્ઘટના લોકો હજુ ભૂલી શકયા નથી. ત્યારે આજે તકીયા કાલે ખામાં લાગેલી આગમાં ત્રીસ ઝુંપડા બળીને રાખ થઈ છે. આ દુર્ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી હતી અને આગને કાબુમાં લીધી હતી. જયારે પોલીસે ઘટના સ્થળે પહોંચીને ૧૨ લોકોના જીવ બચાવ્યા હતા.



જોકે, આગ કેવી રીતે લાગી છે તે જાણી શકાયું નથી. તેમજ હાલ આગ લાગવાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે. આ અંગે એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આગ એવા વિસ્તારમાં લાગી હતી જ્યાં જૂના ફર્નિચર, લાકડા અને અન્ય જ્વલનશીલ પદાર્થોનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. જેના કારણે ભારે ધુમાડો ફેલાયો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ટીમોએ ઘરનું સ્થળાંતર કર્યું અને પરિવારોને અસરગ્રસ્ત વિસ્તારથી દૂર જવા માટે સમજાવ્યા હતા. તેમજ સમયસર એક્શનના લીધે આગ વધુ ફેલાતા પહેલા ટીમોએ ૧૨ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.

આ ઘટનાના સમાચાર મળતાં જ ફાયર બ્રિગેડ, મ્જીઈજી અને દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી ની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. સાવચેતી ભાગરૂપે નવ એમ્બ્યુલન્સ પણ તૈનાત કરવામાં આવી હતી. તેમજ ભીડને નિયંત્રિત કરવા, અને કટોકટી વાહનોની અવરજવરમાં કોઈ અવરોધ ન આવે તે માટે વધારાના પોલીસ કર્મચારીઓને બોલાવવામાં આવ્યા હતા.

# ઉત્તર કેલિફોર્નિયાની લાયબ્રેરીમાં થયેલ ગોળીબારની ઘટનામાં બે વ્યક્તિના મોત

## પોલીસે ૧૮ વર્ષીય શંકાસ્પદ યુવાનની અટકાયત કરી તપાસ હાથ ધરી

કેલિફોર્નિયા

ઉત્તરી કેલિફોર્નિયાની એક લાઈબ્રેરીમાં સોમવાર સાંજે થયેલા અંધાધૂંધ ગોળીબારમાં બે લોકોના મોત થયા છે અને એક બાળકી ઘાયલ થઈ છે. ચીકો પોલીસ વિભાગના જણાવ્યા અનુસાર, આ મામલે ૧૮ વર્ષના એક શંકાસ્પદ યુવકની ધરપકડ કરવામાં આવી છે.

આ ઘટના સોમવાર સાંજે આશરે ૫ વાગ્યે કેલિફોર્નિયાના ચીકોમાં આવેલી 'બ્યૂટ કાઉન્ટી લાઈબ્રેરી'માં બની હતી. ચીકો પોલીસ વડા બિલી એલ્ડ્રિજે જણાવ્યું કે, જયારે હુમલાખોર લાઈબ્રેરીના પાછળના દરવાજાથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે જ પોલીસે તેને ઝડપી લીધો હતો.

પોલીસે શંકાસ્પદ વ્યક્તિની ઓળખ ૧૮ વર્ષના બ્રેડલી સ્કોટ સાયર તરીકે કરી છે. તેના પર હત્યાના બે ગુના નોંધીને તેને બ્યૂટ કાઉન્ટી જેલમાં રાખવામાં આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે, હુમલાખોર અમેરિકાના કુખ્યાત 'કોલંબાઈન સ્કૂલ નરસંહાર' જેવી સામૂહિક હત્યા (મોટા પાયે નરસંહાર) કરવા માંગતો હતો.

તે લાઈબ્રેરીમાં આવેલા કોઈપણ ભોગ બનનાર વ્યક્તિને પહેલાથી ઓળખતો ન હતો.

# પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણ વૈજ્ઞાનિક રીતે માન્ય : કેન્દ્ર

## ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ અંગે ફેલાવવામાં આવેલી અફવા અંગે કેન્દ્ર સરકારે કરી સ્પષ્ટતા

નવી દિલ્હી

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે, દેશમાં ચાલી રહેલો ઈથેનોલ બ્લેન્ડિંગ (મિશ્રણ) પ્રોગ્રામ વૈજ્ઞાનિક રીતે માન્ય છે અને સરકાર દ્વારા તેની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, ઈન્ટરનેટ મીડિયા પર ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ અંગે કેટલાક ભ્રામક અને પાયાવિહોણા દાવા કરવામાં આવી રહ્યા છે. જનતાને ગેરમાર્ગે દોરવા માટે કેટલાક જૂના વીડિયો અને તસવીરો ફરી વાઈરલ કરવામાં આવી રહ્યા છે, જેને લઈને સરકાર સંપૂર્ણ સજગ છે અને જરૂરી પગલાં ભરી રહી છે.

તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થયો હતો, જેમાં ગાડીની પેટ્રોલ ટાંકી પાસે કીડીઓ ભેગી થયેલી દેખાતી હતી. મંત્રાલયે આ વીડિયોને સંપૂર્ણપણે ખોટો ગણાવ્યો છે. તેમણે સ્પષ્ટતા કરી છે કે ૨૦% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના કારણે એન્જિન બગડવાની કે વાહન ખોટકાવવાની કોઈ મોટી સમસ્યા ક્યાંય પણ સામે આવી નથી.દેશમાં ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવા, ઊર્જા સુરક્ષા વધારવા અને પર્યાવરણની જાળવણીના અદભુત ઉદ્દેશ્ય સાથે વર્ષ ૨૦૦૩માં ઈથેનોલ મિશ્રણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. તમામ ટેક્નિકલ તૈયારીઓ અને હિતધારકો સાથે પરામર્શ કરીને આ પ્રોગ્રામને તબક્કાવાર રીતે દેશમાં લાગુ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૩થી દેશમાં ૨૦% ઈથેનોલ મિશ્રણનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. સરકાર ઓઈલ માર્કેટિંગ કંપનીઓ, ઓટોમોબાઈલ ઉત્પાદકો અને ફ્યુઅલ ટેસ્ટિંગ એજન્સીઓ સાથે મળીને આ કાર્યક્રમની સતત દેખરેખ રાખે છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ એ વૈશ્વિક સ્તરે અપનાવવામાં આવતી પદ્ધતિ છે અને દુનિયાના ઘણા દેશોમાં તેને સફળતાપૂર્વક લાગુ કરવામાં આવી છે. આ પ્રોગ્રામના કારણે ભારતને અત્યાર સુધીમાં ૧.૪૦ લાખ કરોડ રૂપિયાની વિદેશી મુદ્રા (ફોરેક્સ રિઝર્વ) બચાવવામાં મોટી સફળતા મળી છે. આ ઉપરાંત આ નીતિથી સ્થાનિક સ્તરે ખેડૂતોની આવકમાં પણ મોટો વધારો થયો છે. એકંદરે આ કાર્યક્રમ ભારતની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા માટે અત્યંત મહત્ત્વનો સાબિત થઈ રહ્યો છે.

# નીરવ મોદી સામે ૧૦૦ કરોડથી વધુ રકમની બાકી લોન મામલે બેંક ઓફ ઈન્ડિયાના પક્ષમાં ચુકાદો

## લંડનની સર્કિટ કોમર્શિયલ કોર્ટે પબ્લિક સેક્ટરની બેંક ઓફ ઈન્ડિયાના પક્ષમાં ચુકાદો આપ્યો

નવી દિલ્હી

પંજાબ નેશનલ બેંક કૌભાંડના માસ્ટરમાઈન્ડ અને ભારતના ભગોડા હીરા વેપારી નીરવ મોદીને લંડન હાઈકોર્ટમાંથી મોટો આંચકો લાગ્યો છે. લંડનની સર્કિટ કોમર્શિયલ કોર્ટના જજ સાયમન ટિંકલરે મંગળવારે પબ્લિક સેક્ટરની બેંક ઓફ ઈન્ડિયાના પક્ષમાં ચુકાદો આપ્યો છે. બેંક ઓફ ઈન્ડિયાએ લંડન કોર્ટમાં નીરવ મોદી વિરુદ્ધ ૧૦૦ કરોડ રૂપિયાથી વધુનો કેસ જીતી લીધો છે. અદાલતે સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે નીરવ મોદી પર બેંકની આ રકમ બાકી નીકળે છે અને તેણે આ નાણાં ચૂકવવા જ પડશે.

ચુકાદો સંભળાવતા જજ સાયમન ટિંકલરે જણાવ્યું હતું કે, 'નીરવ મોદી બેંકને આપવામાં આવેલી પર્સનલ ગેરંટી હેઠળ ૪.૧ મિલિયન ડોલર (આશરે ૩૮.૯ કરોડ રૂપિયા) ની મૂળ રકમ ચૂકવવા માટે જવાબદાર છે. આ રકમ પર બેંકના નિયમો અનુસાર ગણતરી કરાયેલું વ્યાજ પણ



ઉમેરવામાં આવશે.' કોર્ટે નોંધ્યું હતું કે નીરવ મોદી પોતાની બચાવમાં એવો કોઈ મજબૂત પુરાવો રજૂ કરી શક્યો નથી. જેનાથી સાબિત થાય કે બેંક આ રકમ મેળવવા માટે હકદાર નથી. હાલમાં ભારત પ્રત્યાર્પણ સામે લંડનની જેલમાં કાનૂની લડાઈ લડી રહેલા નીરવ મોદીએ દલીલ કરી હતી કે આ ગેરંટી લાગુ કરવા યોગ્ય નહોતી, પરંતુ કોર્ટે તેની તમામ દલીલો ફગાવી દીધી છે.આ વિવાદની વિગત એવી છે કે બેંક ઓફ ઈન્ડિયાએ જુલાઈ ૨૦૧૨ માં દુબઈમાં આવેલી નીરવ મોદીની કંપની 'ફાયરસ્ટાર ડાયમંડ' ને લોન આપી હતી. આ લોન પેટે નીરવ મોદીએ ૩ ઓગસ્ટ ૨૦૧૩ ના રોજ પર્સનલ ગેરંટી આપી હતી.

# નિવૃત એસ.ટી. બસોને આધુનિક - સુસજ્જ મોબાઈલ ક્લાસરૂમમાં ફેરવીને રણશાળા વાહનો તૈયાર કરાયા

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ગાંધીનગરના પથિકાશ્રમ એસ.ટી. ડેપો ખાતેથી ૨૮ રણશાળા બસનું લોકાર્પણ કરાયું

ગાંધીનગર,

રાજ્યમાં સર્વસમાવેશી શિક્ષણ સુનિશ્ચિત કરવાના એક મહત્વપૂર્ણ પગલા તરીકે, ગુજરાત સરકાર દ્વારા અંતરિયાળ રણ અને મીઠું પકવતા વિસ્તારોમાં રહેતા અગરિયા પરિવારોના બાળકોને અવિરત શિક્ષણ મળી રહે તે માટે નવીન 'સ્કૂલ ઓન વ્હીલ્સ' (જીર્ષ્ઠ્ર્ ઁહ ઉરીૐજ) 'રણશાળા' પહેલ શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં આ પ્રેરણાદાયી પહેલ શરૂ કરવામાં આવી છે.

રાજ્યભરમાં 'શાળા પ્રવેશોત્સવ'નો ભવ્ય પ્રારંભ થયો છે, ત્યારે નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગાંધીનગર પથિકાશ્રમ એસ.ટી. ડેપો ખાતેથી આ ૨૮ રણશાળાનું બસોનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વડનગરથી રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવની જ્યારે શરૂઆત કરાવી છે ત્યારે ગુજરાત એસટી દ્વારા અગરિયા વિસ્તારમાં 'રણશાળા'ના એક ખૂબ જ નવા અભિગમ જોડે એસટીની જે વેસ્ટ બસો હતી એમાંથી ક?ઈ રીતે તેનો બેસ્ટ ઉપયોગ થઈ શકે તેનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ ૨૮ રણ શાળા આજે ગાંધીનગરથી સુરેન્દ્રનગર, પાટણ, કચ્છ અને મોરબી જિલ્લાના અગરિયા વિસ્તારો માટે પ્રયાણ કરશે. આ રણશાળા એ એક ખૂબ જ યુનિક મોડલ છે. બસની અંદર ૨૦ થી વધુ બાળકો માટે સોલર એનર્જીના માધ્યમથી ટીવી અને ડીશ ટીવીની વ્યવસ્થા છે જેથી ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા ઓનલાઈન ક્લાસીસનો પણ આ બધા જ બાળકો લાભ લઈ શકશે. રણની અંદર જે પરિવાર અગરિયા તરીકે કામ કરી રહ્યા છે તેમના બાળકોને ભણવા માટે ક્યાંકને ક્યાંક દૂર જવું ન પડે તે માટે પ્રત્યેક બાલકોને આ બસમાં ક્લાસ થકી આવનારા દિવસોમાં ભણતર આપવામાં આવશે.

તેમણે કહ્યું કે, આ બસો જે બિન ઉપયોગી હાલતમાં હતી એ જ બસ આજે શાળાનો ઉત્તમ ક્લાસ હોય એ પ્રકારની વ્યવસ્થાઓ આ બસની અંદર કરવામાં આવી છે. આગામી સમયમાં પણ આ પ્રકારની વધુ બસો શિક્ષણ આપવાના હેતુથી તૈયાર કરવામાં આવશે જેથી છેવાડાનો એકપણ બાળક શિક્ષણથી વંચિત રહી ન જાય તેમ, તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ વિશેષ રણશાળા બસનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને તૈયાર કરનાર કારીગરો અને અધિકારીઓનું ફુલોથી સ્વાગત કરીને શિક્ષણ માટેના આ યજ્ઞમાં સહભાગી થયા તે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

સમગ્ર શિક્ષા અભિયાન, શિક્ષણ વિભાગ અને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (ય્જીઇ્ઝ) ના સંયુક્ત ઉપક્રમે અમલમાં મુકાયેલો આ પ્રોજેક્ટ, મીઠાનું ઉત્પાદન થાય છે તેવા વિસ્તારોમાં મોસમી સ્થળાંતર કરતા પરિવારોના ૬ થી ૧૪ વર્ષના બાળકો સામેના શૈક્ષણિક પડકારોને દૂર કરવાનો પ્રયાસ છે.

# આપ ધારાસભ્ય ચૈતર વસાવા, પત્ની સહિત ૯ આરોપીઓને ૭ વર્ષની સજા સાથે ૨૫ હજારનો દંડ



નર્મદા,

ગુજરાતના રાજકારણમાં આજે એક બહુ જ મોટા સમાચાર સામે આવ્યા છે. આમ આદમી પાર્ટી (આપ)ના ડેડીયાપાડાના લોકપ્રિય અને ફાયરબ્રાન્ડ ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટે વન વિભાગના કર્મચારીઓ પર હુમલો કરવા અને ધમકી આપવાના ચકચારી કેસમાં દોષિત જાહેર કર્યા છે. નર્મદા (રાજપીપળા) સેશન્સ કોર્ટે આ મામલે એક ઐતિહાસિક અને મહત્વનો ચુકાદો આપ્યો છે.

લાંબી કાનૂની પ્રક્રિયા અને બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ, રાજપીપળા સેશન્સ કોર્ટે ચૈતર વસાવા સહિતના આરોપીઓને કડક સજા સંભળાવી છે. જેમાં તમામ દોષિતોને ૭ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી છે અને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

આ કેસમાં માત્ર ધારાસભ્ય ચૈતર વસાવા જ નહીં, પરંતુ તેમની સાથે સંડોવાયેલા અન્ય તમામ લોકોને પણ કોર્ટે ગુનેગાર ઠેરવ્યા છે. કોર્ટે આ કેસમાં કુલ ૯ લોકોને દોષિત જાહેર કર્યા છે. જેમાં ૪ મહિલાઓ અને ૫ પુરુષોનો સમાવેશ થાય છે. ચોંકાવનારી વાત એ છે કે દોષિત જાહેર થયેલા લોકોમાં ધારાસભ્ય ચૈતર વસાવાના પત્નીનો પણ સમાવેશ થાય છે.

આ વિવાદ વન વિભાગના કર્મચારીઓ સાથે થયેલી એક ગંભીર ઘટના સાથે જોડાયેલો છે. ચૈતર વસાવા અને તેમના સમર્થકો પર વન વિભાગના કર્મચારીઓ ફરજ પર હતા ત્યારે તેમના પર હુમલો કરવાનો, હવામાં ફાયરિંગ કરવાનો અને સરકારી કર્મચારીઓને ધમકી આપવાનો ગંભીર આક્ષેપ હતો. આ ચકચારી કેસ બાદ ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો અને લાંબી કાનૂની લડત બાદ આજે કોર્ટે આ મામલે અંતિમ મહોર લગાવી દીધી છે.

હવે આ કેસમાં તમામ આરોપીઓને ૭ વર્ષની સજા થવાના કારણે હવે ચૈતર વસાવાનું ધારાસભ્ય પદ પણ જોખમમાં આવી શકે છે, કારણ કે કાયદા મુજબ ૨ વર્ષ કે તેથી વધુની સજા થતાં જ લોકપ્રતિનિધિ પોતાનું પદ ગુમાવવું પડે છે. આમ આદમી પાર્ટી માટે ગુજરાતમાં આ એક બહુ મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે.

# વડનગર ખાતે મુખ્યમંત્રીએ 'પ્રેરણા સંકુલ'ની મુલાકાત લીધી : વિદ્યાર્થીઓ સાથે સાધ્યો જીવંત સંવાદ

## શાળા પ્રવેશોત્સવના અવસરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલએ વડનગરની ઐતિહાસિક શાળાના નવતર શૈક્ષણિક પ્રકલ્પનું નિરીક્ષણ કર્યું

વડનગર,

મહેસાણા જિલ્લાના ઐતિહાસિક નગર વડનગર ખાતે રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં સહભાગી થયા બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'પ્રેરણા સંકુલ'ની ગરિમાપૂર્ણ મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ સંકુલના પરિસરનું નિરીક્ષણ કરી ત્યાં કાર્યરત વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક પાસાઓનું અવલોકન કર્યું હતું. મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓ દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓમાં ઊંડો રસ દાખવી તેમની સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો અને સંકુલની શૈક્ષણિક કાર્યપદ્ધતિ વિશે જાણકારી મેળવી હતી.

પ્રેરણા સંકુલ એ વડનગરની એ જ ઐતિહાસિક પ્રાથમિક શાળાના ભવનના જીર્ણોદ્ધારની એક અનોખી પહેલ છે, જ્યાં દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પોતાનું પ્રારંભિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. ૧૮૮૮માં સ્થાપિત આ ઐતિહાસિક વિદ્યાલયને ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ (ASI) દ્વારા ભવિષ્યના આધુનિક શિક્ષણ સંસ્થાન તરીકે પુનઃવિકસિત કરવામાં આવ્યું છે. આ પ્રકલ્પનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતામાં વિકાસ તેમજ પરિવર્તનની પ્રેરણાદાયી ભાવનાને મજબૂત કરવાનો છે. આ સંકુલ માત્ર એક શૈક્ષણિક ઈમારત નથી.

# લોહીંનો વેપાર : ફાર્મા કંપનીઓમાં સપ્લાય થતા બ્લડ પ્લાઝમા યુનિટમાં ભેળસેળનું રેકેટ ઝડપાયું

## અમદાવાદ ગ્રામ્ય એસઓજીએ ૧૨.૦૬ લાખના મુદ્દામાલ સાથે ચાર શખ્સની કરી ધરપકડ

અમદાવાદ,

અમદાવાદ ગ્રામ્ય એસઓજીએ ચાંગોદર વિસ્તારમાં ફાર્મા કંપનીઓમાં સપ્લાય થતા બ્લડ પ્લાઝમા યુનિટમાં ભેળસેળ કરીને ગેરકાયદે આર્થિક લાભ મેળવતા એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ કેસમાં મુખ્ય સૂત્રધાર સહિત કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી છે અને આશરે ૧૨.૦૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે મુખ્ય આરોપી દિનેશભાઈ ઉમાભાઈ ચૌધરી, જેને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં બ્લડ પ્લાઝમા કલેક્શન સંબંધિત અનુભવ હતો, તેણે પોતાના જ્ઞાનનો ઉપયોગ કરીને અસલી પ્લાઝમા યુનિટ કાઢી તેની જગ્યાએ ભેળસેળયુક્ત પ્લાઝમા બેગ ગોઠવવાનું કાવતરું રચ્યું હતું.

તપાસમાં જાણવા મળ્યું કે બ્લડ પ્લાઝમા કલેક્શન વાહનના ડ્રાઈવર અને કો-ડ્રાઈવર આરોપીઓને અગાઉથી માહિતી આપતા હતા કે કયા વિસ્તારમાંથી પ્લાઝમા કલેક્શન થવાનું છે. ત્યારબાદ મુખ્ય આરોપી જરૂરી સંખ્યામાં ભેળસેળવાળા પ્લાઝમા યુનિટ તૈયાર રાખતો હતો.જ્યારે કલેક્શન થયેલા અસલી પ્લાઝમા યુનિટ કંપનીમાં પહોંચાડવાના હોય ત્યારે વાહનને પહેલા આરોપીના ઘરે લઈ જવાતું હતું. ત્યાં સારી ગુણવત્તાવાળા અસલી પ્લાઝમા યુનિટ અલગ કરી દેવામાં આવતા અને તેની જગ્યાએ ભેળસેળવાળા યુનિટ મૂકી કંપનીમાં સપ્લાય કરવામાં આવતા હતા.

ચાંગોદર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયા બાદ કેસની તપાસ એસઓજીને સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપીઓના રિમાન્ડ મેળવી મહારાષ્ટ્ર સુધી તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો હતો. પોલીસે રેકેટના મુખ્ય સૂત્રધારને પણ ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.પોલીસે કાર્યવાહી દરમિયાન ૧૧૪૦ બ્લડ પ્લાઝમા યુનિટ, ડીપ ફ્રીઝર, સીલિંગ મશીન, કેમિકલ બોટલ્સ, ખાલી પ્લાઝમા બેગ્સ અને એક મહિન્દ્રા બોલેરો પીકઅપ વાહન સહિત કુલ ૧૨.૦૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ઝડપાયેલા આરોપીઓ દિનેશભાઈ ઉમાભાઈ ચૌધરી (ધાનેરા, બનાસકાંઠા),મોહન દાજીબા ગાયકવાડ (વાસીમ, મહારાષ્ટ્ર),રફીકભાઈ સાલમભાઈ (ધોળકા, અમદાવાદ),જીતેન્દ્રભાઈ બળદેવભાઈ સોલંકી (ધોળકા, અમદાવાદ) છે પોલીસ હાલમાં સમગ્ર નેટવર્ક, ભેળસેળનો વ્યાપ અને અન્ય સંડોવાયેલા લોકો અંગે વધુ તપાસ કરી રહી છે.

# માત્ર ૩૫ દિવસના સમયમાં નવા દરવાજા નાખવાની કામગીરી પૂર્ણ

## અમદાવાદના ઐતિહાસિક વાસણા બેરેજનો કાયાકલ્પ



અમદાવાદ,

ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદી પરના મહત્વપૂર્ણ એવા વાસણા-બેરેજના આધુનિકીકરણની કામગીરી માત્ર ૩૫ દિવસના રેકોર્ડ બ્રેક સમયમાં પૂર્ણ કરવામાં આવી છે. રાજ્યના જળસંપત્તિ વિભાગ હેઠળ કાર્યરત યાંત્રિક શાખા દ્વારા રૂ. ૧૦.૧૫ કરોડના ખર્ચે ૧૯ નવા દરવાજા નાખવાનું અને ૧૦ ગેટનું રીપેરીંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સાથે જ સાબરમતી નદીમાં ફરી પાણી ભરવાનું શરૂ થઈ ચૂક્યું છે.

ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને જળ સંપત્તિ-પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શન હેઠળ જળ સંપત્તિ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં ડેમ સલામતીના કામોને અગ્રતા આપવામાં આવી રહી છે.

પ્રિ-મોન્સુન નિરીક્ષણ બાદ ત્વરિત એક્શનઃ વર્ષ ૧૯૭૬માં નિર્માણ પામેલો વાસણા બેરેજ અમદાવાદ શહેર માટે પૂર નિયંત્રણ અને જળ વ્યવસ્થાપનનું મહત્વપૂર્ણ માળખું છે. વર્ષ ૨૦૨૫માં ડેમ-સેફ્ટી એક્ટ હેઠળ કરાયેલા પ્રિ-મોન્સુન નિરીક્ષણમાં યાંત્રિક શાખા દ્વારા બેરેજના દરવાજાઓનું નવીનીકરણ અને રીપેરીંગ માટે ભલામણ કરવામાં આવી હતી.

# સુરતમાં પ્રેમી દંપતીનું કરૂણ મોતઃ કોર્ટ મેરેજ બાદ સામાજિક લગ્નની રાહમાં જીવન ટૂંકાવ્યું

## સામાજિક રીત-રિવાજ મુજબ લગ્નની તારીખ નક્કી થવામાં વિલંબ થતાં બંને માનસિક રીતે પરેશાન હતા



સુરત,

સુરત શહેરના સરથાણા વિસ્તારમાં આવેલી એક હોટેલમાં પ્રેમી દંપતીએ ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતા સર્જાયેલી દુઃખદ ઘટનામાં યુવતી બાદ હવે યુવકનું પણ મોત થયું છે. બંનેએ બે વર્ષ પહેલાં કોર્ટ મેરેજ કર્યા હતા અને પરિવારની સંમતિ બાદ સગાઈ પણ થઈ ગઈ હતી, પરંતુ સામાજિક લગ્નની તારીખ નક્કી ન થતાં તેઓએ આ અંતિમ પગલું ભર્યાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, સરથાણા વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય માનસી ઉમરેટીયા અને નાના વરાછાના ૨૩ વર્ષીય અભય ત્રાડા વચ્ચે લાંબા સમયથી પ્રેમસંબંધ હતો. બંનેએ બે વર્ષ પહેલાં કોર્ટ મેરેજ કર્યા હતા. ત્યારબાદ પરિવારોની સંમતિથી દોઢ વર્ષ પહેલાં તેમની સગાઈ પણ કરવામાં આવી હતી. જોકે, સામાજિક રીત-રિવાજ મુજબ લગ્નની તારીખ નક્કી થવામાં વિલંબ થતાં બંને માનસિક રીતે પરેશાન હતા.

૨૨ જૂનના રોજ બંને સરથાણા વિસ્તારની એક હોટેલમાં મળ્યા હતા. ત્યાં તેમણે ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં બંનેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં માનસીને મૃત જાહેર કરવામાં આવી હતી, જ્યારે અભયની હાલત ગંભીર હોવાથી તેને સારવાર હેઠળ રાખવામાં આવ્યો હતો. જોકે, આજે સારવાર દરમિયાન અભયનું પણ મોત થયું હોવાનું સામે આવ્યું છે.

આત્મહત્યાનું પગલું ભરતા પહેલાં બંનેએ પોતાના પરિવારજનોને ભાવુક મેસેજ મોકલ્યા હતા. માનસીએ તેના પિતાને માતાની સંભાળ રાખવાની વિનંતી સાથે પ્રેમ વ્યક્ત કર્યો હતો, જ્યારે અભયે પોતાના ભાઈને

# પાસ આંદોલનના ૯૦ બાકી કેસો પરત ખેંચવા દિનેશ બાંભણિયાની માંગ

## બાકી રહેલા કેસો પર ઝડપી નિર્ણય લઈ તેમને રાહત આપવામાં આવે તેવી માંગ

અમદાવાદ,

પાટીદાર અનામત આંદોલન દરમિયાન નોંધાયેલા બાકી રહેલા પોલીસ કેસોને પરત ખેંચવાની માંગ ફરી એકવાર ચર્ચામાં આવી છે. પાટીદાર સમાજના આગેવાન દિનેશ બાંભણિયાએ રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરીને બાકી રહેલા તમામ કેસો પરત ખેંચવાની માંગ ઉઠાવી છે.

દિનેશ બાંભણિયાના જણાવ્યા અનુસાર, પાટીદાર અનામત આંદોલન દરમિયાન નોંધાયેલા મોટાભાગના કેસો અગાઉ રાજ્ય સરકાર દ્વારા પરત ખેંચવામાં આવ્યા હતા. જોકે, હજુ પણ કેટલાક કેસો કાયદાકીય અને ન્યાયિક પ્રક્રિયાઓના કારણે બાકી રહ્યા છે. આ કેસોમાં અનેક યુવાનો અને આગેવાનો સંકળાયેલા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. તેમણે જણાવ્યું કે સુરત શહેર અને જિલ્લામાં નોંધાયેલા અંદાજે ૨૪ જેટલા કેસો હજુ સુધી પરત ખેંચાયા નથી. જ્યારે સમગ્ર ગુજરાતની વાત કરવામાં આવે તો આશરે ૯૦ જેટલા કેસો હજુ વિવિધ તબક્કે બાકી હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.બાંભણિયાએ દાવો કર્યો કે સરકાર દ્વારા અગાઉ બાકી રહેલા કેસો અંગે હકારાત્મક અભિગમ દર્શાવવામાં આવ્યો હતો અને કેસો પરત ખેંચવાની પ્રક્રિયા આગળ વધારવાની બાંહેધરી પણ આપવામાં આવી હતી.

# અમદાવાદમાં ચોમાસાની શરુઆત પહેલાં જ મચ્છરોનો ઉપદ્રવ વધ્યો : ઝાડા-ઉલ્ટીના કેસમાં રાફડો ફાટ્યો

## દૂષિત પાણી અને અનેક વિસ્તારોમાં ભરાયેલાં વરસાદી પાણીને કારણે લોકોનાં આરોગ્ય પર સીધી અસર

અમદાવાદ,

અમદાવાદમાં ચોમાસાની શરૂઆત પૂર્વે જ પાણીજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે. છેલ્લા કેટલાક દિવસથી શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ઝાડા-ઊલટી, પેટમાં દુખાવો, તાવ અને ગેસ્ટ્રોની ફરિયાદ સાથે આવતા દર્દીની સંખ્યામાં વધારો નોંધાઈ રહ્યો છે. દૂષિત પાણી અને અનેક વિસ્તારોમાં ભરાયેલાં વરસાદી પાણીને કારણે લોકોનાં આરોગ્ય પર સીધી અસર જોવા મળી રહી છે.

ચોમાસાના પ્રથમ ઝાપટા બાદ અમદાવાદમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ માથું ઊંચકવાનું શરૂ કર્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ઝાડા-ઊલટી, તાવ અને અન્ય ચેપી રોગોના કેસોમાં વધારો નોંધાતા આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે જાહેર કરેલા સપ્તાહિક રિપોર્ટ મુજબ ડોર-ટુ-ડોર સર્વે દરમિયાન અનેક વિસ્તારમાં અસ્વચ્છતા અને મચ્છરનાં બ્રીડિંગ સ્પોટ મળી આવ્યાં છે, જેના પગલે સેંકડો રહેણાક અને કોમર્શિયલ એકમોને નોટિસ ફટકારવામાં આવી છે.ચોમાસા દરમિયાન દૂષિત પાણી અને ખુલ્લામાં જમા થતાં વરસાદી પાણીને કારણે ઝાડા-ઊલટીના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. બીજી તરફ ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયાના સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગે ફોગિંગ, એન્ટી લારવા કામગીરી અને જનજાગૃતિ અભિયાન તેજ બનાવ્યું છે. તંત્રના દાવા મુજબ, હજારો ઘરમાં પોરાનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે અને મચ્છરનાં બ્રીડિંગ અટકાવવા માટે સતત ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. તેમ છતાં શહેરના અનેક વિસ્તારોમાં ગંદું પાણી, ઓવરફ્લો ગટર અને વરસાદી પાણીનાં ખાબોચિયાં રોગચાળાને આમંત્રણ આપી રહ્યાં હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

# ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત કરવા સાથે ગુનેગારોમાં ખાખીનો ખોફ પેદા કરો : હર્ષ સંઘવી

## ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે બેઠક યોજાઈ



ગાંધીનગર,

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત કરવા અને ગુનેગારોમાં ખાખીનો ખોફ પેદા કરવા માટે રાજ્ય સરકાર સદંતર એક્શન મોડમાં આવી ગઈ છે. ગાંધીનગરમાં સોમવારે મોડી રાત્રે એક અત્યંત મહત્વની 'મેગા બેઠક' યોજાઈ હતી. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મળેલી આ મેરેથોન બેઠક મધરાતથી શરૂ થઈને છેક વહેલી સવાર સુધી ચાલી હતી, જે દર્શાવે છે કે સરકાર રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને લઈને કેટલી ગંભીર છે.

બેઠકમાં ગૃહ મંત્રીએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે કડક વલણ અપનાવતા હાજર રહેલા તમામ પોલીસ અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં આદેશ આપ્યા છે. તેમણે જણાવ્યું કે, "રાજ્યમાં શાંતિ અને સુરક્ષાના માહોલ સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં નહીં આવે." ગુનેગારો સામે કડકમાં કડક પગલાં ભરવા અને નાગરિકોમાં સુરક્ષાની ભાવના પ્રબળ કરવા માટે ખાખીને સંપૂર્ણ સ્વાયત્તતા અને કડક આદેશો આપી દેવામાં આવ્યા છે.

આ હાઈ-પ્રોફાઈલ બેઠકમાં ગૃહ વિભાગ અને પોલીસ બેડાના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં ૨૦થી વધુ ઉચ્ચ આઈપીએસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ અધિકારીઓ ઉપરાંત ગૃહ વિભાગના ઉચ્ચ સચિવો અને અધિકારીઓ પણ આ મંથનમાં જોડાયા હતા. બેઠક દરમિયાન રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની વર્તમાન સ્થિતિ, ગુનાખોરી ડામવાના ઉપાયો, વહીવટી સુધારાઓ અને આગામી એક્શન પ્લાન સહિતના વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

# મહોરમના તહેવાર નિમિત્તે રાજ્યના ૯૧૯ સંવેદનશીલ સ્થળો પર એક્સ્ટ્રા વિજિલન્સ અને પોલીસનું સતત ફૂટ પેટ્રોલીંગ

## મહોરમના તહેવાર નિમિત્તે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા ડ્રોન, સીસીટીવી અને બોડી-વોર્ન કેમેરાથી રખાશે બાજ નજર

ગાંધીનગર,

મહોરમના તહેવાર નિમિત્તે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકના અધ્યક્ષસ્થાને આજે પોલીસ ભવન ખાતેથી વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી.

આ બેઠકમાં રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકે તમામ શહેર, જિલ્લા, રેન્જ અને યુનિટના વડાશ્રીઓને મહોરમના જુલૂસ, તાજીયાના રૂટ્સ પર ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ સાથે કડક 'બંદોબસ્ત સ્કીમ' તૈયાર કરવા સૂચના આપી હતી.

કોમી એકતા અને શાંતિ જળવાઈ રહે તે માટે સ્થાનિક સ્તરે શાંતિ સમિતિઓ, મોહલ્લા સમિતિઓ, ધાર્મિક અગ્રણીઓ અને સમુદાયના પ્રતિનિધિઓ સાથે સંયુક્ત બેઠકો યોજવા તાકીદ કરી હતી.

તહેવાર દરમિયાન રાજ્યભરમાં સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતી સંખ્યામાં જીઈહ્વ કંપનીઓ અને પ્લાટૂનની ફાળવણી કરવામાં આવી છે. બંદોબસ્તમાં તૈનાત તમામ પોલીસ કર્મચારીઓને ફરજ પર મોકલતા પૂર્વે તેમની જવાબદારીઓ, વિસ્તારની સંવેદનશીલતા અને ઈમરજન્સી પ્રોટોકોલ અંગે યોગ્ય બ્રીફિંગ આપવા આદેશ આપ્યા છે.

સમગ્ર રાજ્યમાં તાજીયા જુલૂસ સંદર્ભે આઈડેન્ટિફાઈડ ૯૧૯ જેટલા સંવેદનશીલ સ્થળો પર ટેકનોલોજીની મદદથી એક્સ્ટ્રા એલર્ટ રહેવા જણાવાયું છે.

# સિહોર પંથકમાં રાની પશુઓના આંટાફેરાથી ધરતી પુત્રો ચિંતિત

## સર ગામે પેટ્રોલપંપ નજીક સિંહ પરિવાર જોવા મળ્યાનો વિડિઓ સાચો, લોકેશન મેળવવા સ્ટાફ દ્વારા સ્કિનિંગ કરાઈ રહ્યું છેઃ RFO સિહોર

સિહોર,તા.૨૪

સિહોર એટલે જુના જમાનાનું સિંહપુર જેનો ઈતિહાસ જંગલના રાજા સિંહ સાથે જોડાયેલો છે ત્યારે સિંહ પરિવાર સિહોર તાલુકાના સર, સાગવાડી, કનાડ, ધ્રૂપકા, સિહોરના તરસિંગડા ડુંગર, માલવણના ડુંગર, અમરગઢ, આંબલા સહિત આખા પંથકમાં સિંહ પરિવારના આંટાફેરા રહેછે અને વસવાટ પણ જોવા મળે છે ત્યારે ફોરેસ્ટ વિભાગ દ્વારા પણ સખ્ત મોનીટરીંગ કરવામાં આવે છે અને આ પરિવારોને કોઈ ડિસ્ટર્બ ન કરે માટે દરેક બીટમાં ફોરેસ્ટ કર્મીઓ પણ પેટ્રોલિંગ કરતા હોય છે પણ આ વનરાજ ક્યારેક પોતાની આગવી છટામાં ક્યારેક રોડ પર આવતા જોવા મળે છે તો ક્યારેક કોઈ મારણ કરતા જોવા મળે છે

આ શિકાર કરવામાં માહિર હોય છે અને ખૂબ શાંત પ્રકૃતિનું આ વન્યપ્રાણી ક્યારેય હિંસક બની કે માનવભક્ષી થતું નથી જેને રંજાડવામાં આવે તો પ્રથમ તે પોતાના શરીરના અંગો કે અવાજ દ્વારા સામેની વ્યક્તિને વૉર્નિંગ આપે છે છતાં સામેની વ્યક્તિ હટે નહીં કે અટકચાળો કરે તો જ હુમલો કરે છે ખાસ સિહોર પંથકની જનતા આ વાઈલ્ડ એનિમલને કોઈ પણ પ્રકારનું નુકશાન ન પહોંચાડવું જોઈએ અન્યથા તેના દ્વારા થતા હુમલાથી નુકસાન થવાનો ખતરો છે

આ અંગે ફોરેસ્ટ અધિકારી નીલમબેન ગોલેતરએ સૌરાષ્ટ્ર આસપાસના પ્રતિનિધિ સાથે કરેલી ટેલીફોનીક ચર્ચા મુજબ વાઈલ્ડ એનિમલ ખાસ કરીને સિંહ કોઈ હિંસક નથી અને પરિવાર સાથે સિહોર પંથકમાં સિંહોની વસ્તી છે સ્ટાફ દ્વારા સતત સ્કિનિંગ કરવામાં આવી રહ્યું હોય છે અને સગડના આધારે અમારો સ્ટાફ લોકેશન મેળવતો હોય છે પણ બે દિવસ પહેલા સર ગામે પેટ્રોલપંપ નજીક ચાર બચ્ચા સાથે પરિવાર જોવા મળ્યાનો વિડિઓ સાચો છે પણ હાલ લોકેશન મેળવવા સ્ટાફ દ્વારા સતત સ્કિનિંગ કરવામાં આવી રહ્યું છે છતાં દરેક ગ્રામ્ય પંથકની જનતાને જણાવવામાં આવે છે કે આ પ્રકારના કોઈપણ પ્રકારના વાઈલ્ડ એનિમલ જોવા મળે તે તેને રંજાડવા નહી અને તેને પ્રથમ રસ્તો આપવો.

## ઈશ્વરિયા ગામમાં યોજાયો શાળા પ્રવેશોત્સવ



સરકાર દ્વારા શિક્ષણ સંબંધી રચનાત્મક અભિગમ તળે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ચાલી રહેલ છે. સિહોર તાલુકાના ઈશ્વરિયા ગામે મામલતદાર સતીશભાઈ જાંબુચાની મુખ્ય ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ યોજાઈ ગયો. માધ્યમિક શાળા તથા પ્રાથમિક શાળા અંતર્ગત આયોજનમાં આચાર્ય ચિંતનભાઈ ત્રિવેદી તથા કિશોરભાઈ પટેલના સંકલન સાથે આંગણવાડી પરિવાર અને અગ્રણીઓની ઉપસ્થિતિ રહી. આ પ્રસંગે હેમાબેન દવે દ્વારા બાળકોને ભેટ આપવામાં આવેલ. વિદ્યાર્થી બાળકો દ્વારા સુંદર સંચાલન અને પ્રસ્તુતિ થયેલ.

# તળાજામાં એસટીની ઓપન હાઉસ મિટિંગમાં આવક વધારવા ભાર મૂકાયો

**કર્મચારીઓની નિયમિતતા, મુસાફરો સાથે સૌજન્યપૂર્ણ વર્તન રાખવા અને એસ.ટી.ની સેવાઓ વધુમાં વધુ મુસાફરી લક્ષી બનાવવા ચર્ચા**



ભાવનગર,તા.૨૪

મુસાફરોની સુવિધામાં વધારો કરવા અને એસ.ટી. નિગમની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી તાજેતરમાં તળાજા ડેપો ખાતે એક મહત્વપૂર્ણ 'ઓપન હાઉસ મિટિંગ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં તળાજા ડેપોના કેર ટેકર અને વિભાગીય એકાઉન્ટ ઓફિસર પટેલ , ટી.આઈ. શ્રી એન.પી. ગોહિલ, ડેપો મેનેજર કુ. પ્રજ્ઞાબેન વ્યાસ, સ્ટેન્ડ ઈન્ચાર્જ કૌશિકભાઇ ઉપાધ્યાય તેમજ એટીઆઈ યુવરાજસિંહ ગોહિલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મિટિંગ દરમિયાન ઉપસ્થિત અધિકારીઓએ ડ્રાઈવર, કંડક્ટર, મેકેનિકલ અને ટ્રાફિક સ્ટાફ સાથે સીધો સંવાદ કર્યો હતો. બેઠકમાં મુખ્યત્વે ડેપોની આવક કેવી રીતે વધારવી અને ડીઝલની બચત કઈ રીતે કરવી તે અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ ઉપરાંત, કર્મચારીઓને નિયમિત ફરજ બજાવવા, મુસાફરો સાથે સૌજન્યપૂર્ણ અને સારું વર્તન રાખવા, બસોને સંપૂર્ણ સ્વચ્છ રાખવા તેમજ એસ.ટી.ની સેવાઓ અંગે મુસાફરો પાસેથી વધુમાં વધુ ફીડબેક મેળવવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઓપન હાઉસ મિટિંગમાં ડ્રાઈવર મિત્રો અને અન્ય સ્ટાફ હાજર રહ્યો હતો.

# સી.સી.ટી.વી. અને 'નેત્રમ' પ્રોજેક્ટની મદદથી ભાવ. પોલીસે વેપારીને નાણાં પરત અપાવ્યા

ભાવનગર,તા.૨૪

ભાવનગર રેન્જ આઈ.જી. રાજેન્દ્ર વી. અસારી અને જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની સૂચનાથી, પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે. એન. ગોહિલના માર્ગદર્શન હેઠળ 'નેત્રમ' (ફૈંજીઉછજી પ્રોજેક્ટ) ટીમ દ્વારા ટેકનોલોજીનો ઉત્કૃષ્ટ ઉપયોગ કરી એક અરજદારને ન્યાય અપાવવામાં આવ્યો છે.

તાજેતરમાં ગાયત્રી પ્રોવિઝન સ્ટોરના માલિકે નેત્રમ ખાતે અરજી કરી હતી કે, એક અજાણ્યો ગ્રાહક તેમની દુકાનેથી ?૨૭૦૦ની ખરીદી કરી, ભૂલથી ચૂકવણું કર્યા વિના જતો રહ્યો છે. આ મામલે નેત્રમ સી.સી.આર ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ પી. પી. ધોળકીયા અને સ્ટાફે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ સ્થળ નજીકના સી.સી.ટી.વી. કેમેરા તપાસતા, લખુભા હોલ જંક્શન પાસે એક ફોર-વ્હીલર ગાડી નંબરઃ GJ04FA4511 શંકાસ્પદ સમયગાળા દરમિયાન પસાર થતી જોવા મળી હતી. આ વાહન નંબરના આધારે પોલીસે ખરીદી કરનાર વ્યક્તિનો સંપર્ક કર્યો હતો. પોલીસની મધ્યસ્થી બાદ, સદર ઈસમે પોતાની ભૂલ સ્વીકારી વેપારીને રૂ૨૭૦૦ પૂરેપૂરા પરત કર્યા હતા. આમ, ભાવનગર પોલીસે ટેકનોલોજીના સચોટ ઉપયોગથી ગણતરીના કલાકોમાં અરજદારની સમસ્યાનું સુખદ નિવારણ લાવ્યું છે.




## સારંગપુર મંદિરે યોગ દિવસની ઉજવણી



૨૧ જૂન, 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ના પાવન અવસરે સમગ્ર વિશ્વ જ્યારે યોગમય બન્યું છે, ત્યારે ઐતિહાસિક તીર્થધામ સારંગપુર સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે પણ આ દિનની અત્યંત ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. BAPS સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સંસ્થાના સંતો, યુવકો અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોએ વિવિધ યોગાસનો અને પ્રાણાયામનો અભ્યાસ કર્યો હતો. શિસ્તબદ્ધ રીતે થયેલા આ સામૂહિક યોગાભ્યાસથી સમગ્ર વાતાવરણ ઊર્જાવાન અને પવિત્ર બની ગયું હતું.

## આજથી વિનામૂલ્યે કાન-નાક-ગળાની તપાસ નિદાન કેમ્પ

ભાવનગર,તા.૨૪

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ વી.સી.લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ, પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલીકલીનીક, સંઘ ભવન, પથિકાશ્રમ, ભાવનગર ખાતે તા. ૨૪/ને બુધવારથી ૨૭ને શનિવાર ના રોજ સવારે ૧૦ થી ૧૧ દરમિયાન ડો. ભૌતિક માગુંકિયા ( MS ENT ) દ્વારા વિનામૂલ્યે કાન-નાક-ગળાની તપાસ નિદાન કરી આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

# NDPS એક્ટના ગુનામાં ફરાર આરોપીને ઝડપી પાડતી ભાવનગર ગ્રામ્ય પોલીસ

ભાવનગર,તા.૨૪

ભાવનગર રેન્જ આઈ.જી.પી. આર.વી. અસારી અને પોલીસ અધિક્ષક નિતેષ પાંડેયની નાસતા-ફરતા આરોપીઓને પકડવાની કડક સૂચના અન્વયે ગ્રામ્ય પોલીસને મોટી સફળતા મળી છે. ભાવનગર ગ્રામ્યના મદદનીશ પોલીસ અધિક્ષક ઘનશ્યામ ગૌતમ દ્વારા ડીવીઝન સ્તરે રચાયેલી ખાસ સ્ક્વોડ અને હ્યુમન સોર્સની બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

પોલીસ સ્ક્વોડને માહિતી મળી હતી કે, વેળાવદર ભાલ પોલીસ સ્ટેશનના દ્ધઙ્ઘજી એક્ટ હેઠળનો નાસતો-ફરતો આરોપી આકાશ ઉર્ફે ભરતભાઈ સોલંકી (ઉ.વ. ૨૭) હાલ અમદાવાદના બાવળા તાલુકાના ભાયલા ગામે પોતાના ઘરે હાજર છે. હકીકતના આધારે પોલીસે દરોડો પાડી આરોપીને તેના ઘરેથી હસ્તગત કર્યો હતો. આરોપીને ભાવનગર લાવી વેળાવદર પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અધિકારીને સોંપવામાં આવ્યો છે. આ સફળ કામગીરીમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.સી. ચુડાસમા, પોલીસ કોન્સ્ટેબલ રાજદિપસિંહ ગજેન્દ્રસિંહ અને જીજ્ઞેશભાઈ મહેન્દ્રભાઈ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

# પાલીતાણામાં નંદપ્રભા પ્રાસાદની નૂતન ધર્મશાળાનું વિધિવિધાન સાથે કરાયું ખાતમુહૂર્ત

**સાધર્મિકો અને ગુરુભગવંતો માટે આધુનિક સગવડો સાથેનું સંકુલ આગામી સમયમાં તૈયાર થશે**

ભાવનગર,તા.૨૪

શાશ્વત તીર્થ પાલીતાણાના તળેટી રોડ પર આવેલ નંદપ્રભા પ્રાસાદની નૂતન ધર્મશાળાની વિધિનો મંગલમય પ્રારંભ થયો છે. મુનિ યશોવર્ધનજી મહારાજ, મુનિ આત્મરતી વિજયજી મહારાજ, મુનિ હિતરતી વિજયજી મહારાજ આદિ મુનિ ભગવંતો તેમજ ચતુર્વિધ સંઘની હાજરીમાં આ ધાર્મિક મહોત્સવ યોજાયો હતો. ૧૭ જૂનના રોજ નંદપ્રભા પરિવારના હેમુભાઈ, પરેશભાઈ અને કલ્યાણ મિત્ર દિવ્યકાંતભાઈની ઉપસ્થિતિમાં વિધિકાર નિખિલભાઈ દ્વારા સ્નાત્રપૂજા, પાટલાપૂજન અને શાંતિધારા અભિષેક જેવા મંગલ કાર્યો કૌશિકભાઈ બારોટના સંગીત સાથે સંપન્ન થયા હતા.

૧૮ જૂનના રોજ મુનિ ભગવંતોએ આ નૂતન સંકુલમાં વધુમાં વધુ આરાધના થાય તેવા આશીર્વાદ આપ્યા હતા. પરેશભાઈએ જણાવ્યું કે, શત્રુંજય ડુંગર પરના મૂળ નાયક આદેશ્વર દાદાના દેરાસરની ૫૦૦મી સાલગીરી પહેલાં અશોકભાઈ સોમપુરાની ટીમ દ્વારા આ નૂતન સંકુલનું કાર્ય પૂર્ણ થશે.

આ નવનિર્માણ સંકુલમાં ગુરુભગવંતોની સ્થિરતા માટે ઉત્તમ સગવડો, સામાયિક-પૌષધ માટે અલગ વ્યવસ્થા તેમજ પ્રવચન અને સ્વાધ્યાય માટે વિશિષ્ટ હોલ બનાવવામાં આવશે. નંદપ્રભા પરિવારે સૌને રૂજુવાલિકા તીર્થ પધારવા આમંત્રણ આપ્યું હતું. શુભ મુહૂર્તે પરિવાર અને સ્ટાફના સભ્યોએ ધાતુથી ટાંકણા મારીને મંગલ વિધિનો શુભારંભ કર્યો હતો.



## ભાવનગર-પોરબંદર ટ્રેન માત્ર રાણાવાવ સ્ટેશન સુધી જ દોડશે

ભાવનગર,તા.૨૪

પશ્ચિમ રેલવેના પોરબંદર યાર્ડમાં રિમોડેલિંગ કાર્ય અને પાવર બ્લોકને કારણે ૨૩ જૂનથી ૪ જુલાઈ સુધી ટ્રેનોના સંચાલનમાં ફેરફાર કરાયા છે. રાજકોટ-પોરબંદર સહિત ૧૦ ટ્રેનો સંપૂર્ણ રદ્દ રહેશે. જ્યારે ૩૦ જૂનથી ૪ જુલાઈ દરમિયાન ભાવનગર-પોરબંદર-ભાવનગર ટ્રેન આંશિક રદ્દ રહીને માત્ર રાણાવાવ સ્ટેશન સુધી જ (શોર્ટ ટર્મિનેટ) દોડશે. આ ઉપરાંત, પોરબંદર-રાજકોટ ટ્રેન ૧ કલાક મોડી ઉપડશે અને દાદર-પોરબંદર એક્સપ્રેસને રાજકોટ સ્ટેશન પર ૧ કલાક ૦૫ મિનિટ રેગ્યુલેટ (વિનિયમિત) કરવામાં આવશે તેમ ભાવનગર રેલવે સૂત્રોએ જણાવ્યું છે.

# જિલ્લામાં શાળા પ્રવેશોત્સવનો ઉત્સાહભેર પ્રારંભઃ પ્રથમ દિવસે જ ૪૫ હજારથી વધુ બાળકો શિક્ષણની મુખ્ય ધારામાં જોડાયા



**'પ્રગતિનો પ્રવેશોત્સવ' થીમ હેઠળ આંગણવાડીથી ધોરણ-૧૧ સુધીના વિદ્યાર્થીઓનું કરાયું નામાંકન**

ભાવનગર,તા.૨૪

રાજ્ય સરકાર દ્વારા 'પ્રગતિનો પ્રવેશોત્સવ'ની થીમ સાથે ૨૩થી ૨૫ જૂન દરમિયાન આયોજિત શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત ભાવનગર જિલ્લામાં ૨૪મા શાળા પ્રવેશોત્સવનો ધમાકેદાર પ્રારંભ થયો છે. ઉત્સાહભર્યા માહોલમાં પ્રથમ દિવસે જ જિલ્લાભરના ૪૫ હજારથી વધુ ભૂલકાઓ અને વિદ્યાર્થીઓએ શિક્ષણની મુખ્ય ધારા સાથે જોડાઈને નવું શૈક્ષણિક સત્ર શરૂ કર્યું છે. ભાવનગર જિલ્લાના તમામ તાલુકાઓમાં પ્રથમ દિવસે શિક્ષણ પ્રત્યે ભારે જનજાગૃતિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આગામી બે દિવસ સુધી આ શૈક્ષણિક મહોત્સવ અંતર્ગત બાકી રહેતા તમામ બાળકોના નામાંકનની પ્રક્રિયાને વધુ વેગવંતી રાખવામાં આવશે.

**બાલવાટિકાઃ** જિલ્લાના વિવિધ તાલુકાઓમાં થઈને કુલ ૧૭,૫૮૮ ભૂલકાઓએ પ્રવેશ મેળવ્યો, જેમાં મહુવામાં સૌથી વધુ ૩,૬૮૬ અને તળાજામાં ૩,૪૧૬ બાળકો નોંધાયા છે.

**ધોરણ-૧ અને ૯ઃ** ધોરણ-૧માં કુલ ૬૮૫ બાળકો તેમજ ધોરણ-૯માં કુલ ૧૫,૨૩૩ વિદ્યાર્થીઓએ શાળાઓમાં ઉત્સાહભેર પગલાં માંડ્યા છે.

**ધોરણ-૧૧ઃ** ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના પ્રથમ વર્ષમાં જિલ્લાભરમાંથી કુલ ૭,૬૭૪ વિદ્યાર્થીઓ પ્રવેશિત થયા છે.

**આંગણવાડી ઘટકઃ** જિલ્લાના અલગ-અલગ આંગણવાડી કેન્દ્રોમાં કુલ ૪,૪૬૭ નાનાં બાળકોને આવકારવામાં આવ્યા, જેમાં શિહોરમાં સૌથી વધુ ૫૨૦ બાળકો નોંધાયા છે.

# ઉમરાળા તાલુકાની સરકારી શાળાઓમાં પુસ્તકોની ઘટને લઈ આવેદનપત્ર અપાયું

ઉમરાળા,તા.૨૪

ઉમરાળા તાલુકા સરકારી તંત્રની બેદરકારી અત્યંત દુઃખદ તેમજ અનશન ભૂખ હડતાલ બાબતે શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું હોવા છતાં ઘણા વિદ્યાર્થીઓ પુસ્તકો વગર અભ્યાસ કરી રહ્યા છે પુસ્તકે વિદ્યાર્થીનુ મુખ્ય શૈક્ષણિક સાધન સમયસર પુસ્તક ન મળવાથી વિદ્યાર્થીઓના અભ્યાસને નુકસાન થાય છે દરેક વિદ્યાર્થીઓને શિક્ષણનો સામાન અધિકાર છે

વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારની બેદરકારી ચાલશે નહીં પુસ્તક મળવા જોઈએ શિક્ષિત બનો બાબા સાહેબ આંબેડકરના સૂત્રને સમર્થક કરનાર ઉમરાળા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ છેલ્લા ત્રણ દિવસથી ઉમરાળા મામલતદાર કચેરી ની સામે અન્નોનો ત્યાગ કરીને લડત કરી રહ્યા છે આથી ખરેખર શક્તિસિંહ શિક્ષણ અને બાળકોના ભવિષ્યની ચિંતા કરનાર વ્યક્તિ છે તથા ઘોર નિંદ્રામાં ચૂતેલી સરકારને જગાડવા પ્રયત્ન કરી રહ્યા છે તેમના આ ભગીરથ કાર્ય બદલશે બદલ ઉમરાળા તાલુકાના સમગ્ર જાતિ સમાજ દ્વારા સમર્થન જાહેર કરીએ છીએ તેમના આગામી ૪૮ કલાકમાં આ મુદ્દે ન્યાયક સમાધાન કે પ્રશ્ન ઉકેલ પ્રશાસન દ્વારા ન કરવામાં આવે તો અમો સમગ્ર અનુચૂચિત જાતિ ઉમરાળા તાલુકા લોકો વતી ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમજ અનશન ઉપર બેસવામાં આવશે તેવી ગંભીર ચીમકી ઉચ્ચારી હતી.



તસવીર : નિલેશ ઢીલા

## ભીમ અગિયારસ નિમિત્તે ભાવનગર માર્કેટયાર્ડ આવતીકાલે બંધ રહેશે

ભાવનગર,તા.૨૪

મહારાજા સાહેબ કૃષ્ણકુમારસિંહજી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC), ભાવનગર-ઘોઘા દ્વારા તમામ ખેડૂતો, વેપારીઓ અને વાહન માલિકો માટે એક મહત્વની જાહેરાત કરવામાં આવી છે. આગામી તારીખ ૨૫/૦૬/૨૦૨૬ ને ગુરૂવારના રોજ પવિત્ર ધાર્મિક તહેવાર 'ભીમ અગિયારસ' હોવાથી ભાવનગર માર્કેટયાર્ડમાં શિડ્યુલ કામકાજ સ્થગિત રાખવામાં આવ્યું છે.


માર્કેટયાર્ડના સેક્રેટરીના જણાવ્યા અનુસાર, આ તહેવાર નિમિત્તે યાર્ડમાં તમામ પ્રકારના અનાજ, કઠોળ તેમજ તેલીબિયાંની જાહેર હરાજીનું કામકાજ સંપૂર્ણપણે બંધ રહેશે. સ્થાનિક અને બહારગામથી આવતા તમામ ખેડૂતભાઈઓ, વેપારીઓ અને ટ્રાન્સપોર્ટ સાથે સંકળાયેલા વાહન માલિકોને આ રજાની ખાસ નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે, જેથી કરીને કોઈને બિનજરૂરી ધક્કો ન થાય અને પરિવહનની મુશ્કેલીથી બચી શકાય. શુક્રવારથી માર્કેટયાર્ડનું કામકાજ નિયમિત રીતે રાબેતા મુજબ શરૂ થશે.

## વલ્લભીપુરમાં 'પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા'માં ૫૪૦ ખેડૂતોએ મેળવ્યું માર્ગદર્શન

**વડાપ્રધાનના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવા બદલ આયોજન**

ભાવનગર,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' અંતર્ગત વલ્લભીપુરના વાઘેશ્વરી માતા મંદિર પરિસર ખાતે પ્રાકૃતિક કૃષિ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય દ્વારા શરૂ થયેલા આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત ઉપ-પ્રમુખ ગોહિલ હરદીપસિંહ, સદસ્યો સોલંકી ઉદસંગભાઈ, પરમાર ભીમજીભાઈ, કારોબારી અધ્યક્ષ ચૌહાણ દિનેશભાઈ અને ગોહીલ અજીતસિંહ સહિતના અગ્રણીઓએ હાજર રહી ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા. તજજ્ઞોએ પ્રાકૃતિક ખેતી અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂતોને યોજનાઓની માહિતી આપવા પશુપાલન, બાગાયત, આરોગ્ય, 'આત્મા' અને માતૃભૂમિ નેચરલ વર્લ્ડના સ્ટોલ્સ ઊભા કરાયા હતા. કુલ ૫૪૦ ખેડૂતોએ 'સંકલ્પ સેલ્ફી પોઈન્ટ' પર તસવીરો ખેંચાવી પ્રાકૃતિક ખેતી અપનાવવાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.



# બોટાદમાં રસ્તો બંધ કરવા બાબતે બે ભાઈ અને બનેવી ઉપર તલવાર- ધોકાથી હુમલો!

**રાધાકૃષ્ણ સોસાયટીમાં ખંચાળી બંધ કરતા મામલો બિચક્યો; મહિલા સહિત પાંચ સામે પોલીસ ફરિયાદ**

ભાવનગર,તા.૨૪

બોટાદના ગઢડા રોડ પર આવેલી રાધાકૃષ્ણ સોસાયટીમાં રસ્તાની આડાશ બાબતે લોહિયાળ અંજામ આવ્યો છે. સોસાયટીમાં રહેતા સુનિલભાઈ ભૂપતભાઈ કટોસણા અને તેમના ભાઈ અશોકભાઈએ ઘરની પાછળ આવેલો રસ્તો (ખંચાળી) આડાશ મૂકીને બંધ કરી દીધો હતો. આ બાબત પડોશમાં રહેતા જયંતી નાનજીભાઈ રેલીયા અને તેમના પરિવારને અયોગ્ય લાગતા મામલો ઉગ્ર બન્યો હતો.

આ વિવાદમાં જયંતી રેલીયા, વર્ષાબેન રેલીયા, ભદ્દુ, અશ્વિન અને જયંતીના જમાઈએ એકસંપ થઈને બંને ભાઈઓ પર લાકડાના ધોકા અને તલવાર વડે હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન ભદ્દુ નામના શખ્સે સુનિલભાઈને કાને બચકું ભરી લીધું હતું, જ્યારે વચ્ચે પડેલા તેમના બનેવી ઈલેશભાઈને તલવાર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા છે. આ મામલે સુનિલભાઈએ એક મહિલા સહિત પાંચ હુમલાખોરો વિરૂદ્ધ બોટાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## કાચા તેલનો પુરવઠો અવિરત રહેવો જોઈએ

આજે વૈશ્વિક અર્થતંત્ર સૌથી મોટા સંકટનો સામનો કરી રહ્યું છે, જ્યાં હોર્મુઝ સ્ટ્રેટ જેવા મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગની સમસ્યા થી આ ઘટનાએ ફક્ત ઊર્જા ક્ષેત્રને જ નહીં, પરંતુ વૈશ્વિક અર્થતંત્રના દરેક પાસાને હચમચાવી દીધા છે. વિશ્વના લગભગ ૨૦ ટકા તેલનું પરિવહન આ માર્ગમાંથી થાય છે, અને તેના અચાનક બંધ થવાથી તેલના ભાવ આકાશને આંબી ગયા છે. પરંતુ હવે આ માર્ગ ખોલવામાં આવશે અને ભારત સહિતના વિશ્વના તમામ દેશો રાહતનો શ્વાસ લેશે.મધ્ય પૂર્વમાં વધતા તણાવે આ પરિસ્થિતિને વધુ વકરી બનાવી છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષે તો જાણે આગમાં ઘી હોમ્યું છે. આ માત્ર બે દેશોનો સંઘર્ષ નથી, પણ સમગ્ર વૈશ્વિક પુરવઠા શૃંખલા માટે એક પડકાર છે . તેલની અછતની આશંકાએ વૈશ્વિક બજારોમાં હાહાકાર મચાવી દીધો છે, અને તેની સીધી અસર દરેક દેશની અર્થવ્યવસ્થા પર પડી રહી છે.તેલ ઉપરાંત, ભારતની બિન-તેલ નિકાસ પણ આ સંકટથી પ્રભાવિત થઈ છે. ભારતની કુલ બિન-તેલ નિકાસના ૧૦ ટકાથી વધુ પશ્ચિમ એશિયાના દેશોમાં થાય છે, જેમાં બાસમતી ચોખા, ચા, મસાલા, ફળો-શાકભાજીનો સમાવેશ થાય છે . આ શિપિંગ માર્ગો મોંઘા અથવા બંધ થઈ જતાં ભારતીય નિકાસકારો માટે ખર્ચ વધી ગયો છે, જે વૈશ્વિક બજારમાં તેમની સ્પર્ધાત્મકતાને નબળી પાડે છે. ખાસ કરીને, ઈરાન અને મધ્ય-પૂર્વના દેશોમાં બાસમતી ચોખાની નિકાસ માટે આ એક મોટો ફટકો છે .સોના અને ચાંદીના ભાવમાં પણ ઐતિહાસિક વધારો થયો છે. યુદ્ધની સ્થિતિમાં રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના તરફ વળે છે, જેના કારણે તેના ભાવમાં ઉછાળો આવે છે . ગુજરાતના મોરબીમાં સિરામિક ઉદ્યોગ બંધ થવાના આરે આવી ગયો છે, કારણ કે ગેસ સપ્લાયમાં અવરોધ આવવાથી ભઠ્ઠીઓ ચલાવવી મુશ્કેલ બની છે . ખાદ્ય તેલ, ડ્રાય ફ્રૂટ્સ, દાળ અને ડુંગળીના ભાવ પણ આ સંકટના કારણે વધી ગયા છે . આમ, દેશના સામાન્ય નાગરિકનું ખિસ્સું સીધું અસરગ્રસ્ત થયું છે.આ પરિસ્થિતિ ભારત માટે સ્પષ્ટ સંકેત છે કે તેને ઊર્જા સ્ત્રોતોમાં વિવિધતા લાવવાની તાત્કાલિક જરૂર છે. સરકારે વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતો તરફ ધ્યાન આપવું જોઈએ, તેમજ આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરી દ્વારા પોતાના તેલ પુરવઠાને સુરક્ષિત કરવા પ્રયાસ કરવા જોઈએ. આ ઘટના એક વખત ફરી સાબિત કરે છે કે ભૌગોલિક રાજકીય અસ્થિરતા વૈશ્વિક અર્થતંત્ર માટે સૌથી મોટો ખતરો છે, અને આવા પડકારોનો સામનો કરવા માટે દેશોએ એક થવું પડશે.દુનિયાભરની નજર હાલમાં મધ્ય પૂર્વ તરફ ટકેલી છે, જ્યાં ઈરાને એક મોટું પગલું ભરીને હોર્મુઝ સ્ટ્રેટને ફરી બંધ કરી દીધી છે. આ નિર્ણયે વૈશ્વિક તેલ પુરવઠાને લઈને ગંભીર ચિંતાઓ ઉભી કરી છે, કારણ કે વિશ્વના લગભગ પાંચમા ભાગનું તેલ આ જળમાર્ગમાંથી પસાર થાય છે . આ ઘટના એવા સમયે બની છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ પહેલેથી જ ચરમસીમાએ છે. અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી છે કે જો તેણે નિયમો ન માન્યા તો ભયાનક હુમલો કરવામાં આવશે . આ વિકાસે ઈરાનના પરમાણુ કરારને લઈને ચાલી રહેલી અટકળોને વધુ વેગ આપ્યો છે. પરંતુ હવે ઈરાન આ સમજૂતી માટે તૈયાર થયું હોય તેવા સમાચાર છે જો આમ હોય તો પરિસ્થિતિ હળવી બનશે.હોર્મુઝ સ્ટ્રેટનું બંધ થવું એ માત્ર એક પ્રાદેશિક સમસ્યા નથી, પરંતુ સમગ્ર વિશ્વના અર્થતંત્ર માટે એક પડકાર છે. ઈરાને આ પગલું અમેરિકા અને તેના સાથીઓ પર દબાણ લાવવા માટે ભર્યું છે, પરંતુ તેની સીધી અસર વૈશ્વિક તેલના ભાવ પર પડશે. અગાઉ પણ આવી ઘટનાઓ બની ચૂકી છે, જેમાં તેલના ભાવમાં અચાનક ઉછાળો આવ્યો હતો અને નાના અર્થતંત્રો પર તેની ગંભીર અસર થઈ હતી.

## કૃત્રિમ શિલ્પો અને જીવંત આકાશ



ક્લિક કોર્નર
-અમૂલ પરમાર

આ ચિત્રમાં વિશાળ આકાશમાં સો-બસો જેટલા કબૂતરો મુક્તપણે ઊડતા જોવા મળે છે, જે વાતાવરણને એકદમ જીવંત અને ગતિશીલ બનાવે છે.જમીન પર ઘોડા અને જિરાફના બનેલા વિશાળ કૃત્રિમ શિલ્પો શાંત ઊભા છે, જેની બરાબર ઉપર આકાશમાં પક્ષીઓનો કલરવ દ્રશ્યને અદભુત સંતુલન આપે છે.સૂર્યના આછા પ્રકાશ અને વાદળોની વચ્ચે ઊડતા આ પક્ષીઓ આખા દ્રશ્યમાં એક ઊર્જા અને શાંતિનો અહેસાસ કરાવી જાય છે.

# બાપ એટલે : તું ચિંતા ના કર હું બેઠો છું...

આપણી સમાજ વ્યવસ્થા અંગે ધ ઓડીસીના લેખક હોમરે ખૂબ જ મોટો કટાક્ષ કર્યો હતો. ઈનફેક્ટ માતા અને પિતા બંનેની સાથે કેવું વર્તન કરવાથી માંડીને કેવી રીતે વાતચીત કરવી, તેમનો આદર કેવી રીતે જાળવવો અને તેનાથી શું ફળ મળે છે તેવી તમામ બાબતોની ચર્ચા થઈ છે. આજે આ વાત એટલા માટે કાઢવી પડી કે, હમણાં જ આપણે ફાધર્સ ડે ઉજવી લીધો. મધર્સ ડે, ફાધર્સ ડે, વેલેન્ટાઈન્સ ડે આ બધા જ દિવસોની ઉજવણી વિદેશી પ્રવાસીઓ જેવી છે. તેઓ ભારતમાં આવ્યા અને આપણને કંઈક નવું શીખવીને ચાલ્યા ગયા.

આપણા અસ્તિત્વનો જનક, આપણો પિતા અને તેના માટેનો ઉછીનો લીધેલો દિવસ પણ આપણે નિષ્ઠાથી ન ઉજવી શકીએ તો તેનાથી વધારે મોટી કરુણતા શું હોઈ શકે. મારું તો એમ માનવું છે કે, આવા દિવસો તેની રીતે આવે અને જાય પણ આપણો પિતા કે માતા માટેનો પ્રેમ, સ્નેહ, આદર બધું બાકીના ૩૬૪ દિવસ ક્યાં જાય છે. બાપાનો ત્રાસ છે તેવું લગભગ દરેક પેઢીના લોકોના મોઢે હોય છે. બીજી તરફ આપણા જ વેદો અને પુરાણો પિતાને સ્વર્ગ કહે છે. આપણું જ પદ્મપુરાણ કહે છે કે પિતા સ્વર્ગ છે, પિતા શ્રેષ્ઠ તપ છે અને તેની પ્રસન્નતા સાથે દેવો પણ પ્રસન્ન રહે છે. આ વાતને આપણે વાંચી, વિચારી કે સ્વીકારી નહીં શકીએ.

આમ જોવા જઈએ તો ભુલ આપણી જ છે. વાતવાતમાં પિતાને કઠોર, જડ અને જિદ્દી ચિતરવામાં આવે છે. સવાલ એ થાય કે ખરેખર પિતા એવા જ હોય છે? જો ખરેખર તે વ્યક્તિ એવી હોય તો એક દિવસ માટે પણ શું કામ તેના અસ્તિત્વની ઉજવણી કરવી? વાસ્તવિકતા એવી છે કે, પિતા અથવા તો પુરુષને કુદરતે શક્તિ આપી છે કે કોઈપણ સ્ત્રી સાથે રહીને તે પોતાના સંતાનોનું સર્જન કરી શકે છે પણ સંતાનો પાસે એવી કોઈ તાકાત નથી કે તે પોતાના સાચા પિતાનું સર્જન કરી શકે. આ પાત્ર હંમેશા ચોક્કસ હાંસિયામાં રહ્યું છે. તેને પરિવાર, સમાજ અને સંસ્કૃતિના સંચાલનની જવાબદારી સોંપવામાં આવી છે.

પિતા બન્યા બાદ તે નથી હસી શકતો કે નથી રડી શકતો. તેને અસિમિત વ્હાલ કરવામાં પણ સંકોચ કરવો પડે છે અને અસિમિત પીડા વ્યક્ત કરવામાં પણ સંકોચ રાખવો પડે છે. નાનકડી દીકરી સાથે રમતો અને આનંદ કરતો પિતા લોકોને ગમે છે અને તેવી જ રીતે દીકરીને સાસરે વળાવતો અને રડતો પિતા પણ સમાજમાં ચોક્કસ સ્થાન ધરાવે છે પણ આ બે તબક્કાઓ વચ્ચે તેણે કેવા સંઘર્ષ કર્યા છે તે કોઈ જોતું નથી અને જોતું હોય તો જણાવતું નથી કે જાણવા માગતું પણ નથી. તેણે ચોક્કસ મહોરું પહેરીને આખી જિંદગી પોતાનું પાત્ર ભજવવું પડે છે. સમયાંતરે તેની સમાજ, પરિવારમાં એન્ટ્રી અને એક્ઝિટ થયા કરે છે. સંતાનના જન્મ સાથે તેનામાં રહેતા પિતૃત્વનો જન્મ થાય છે. જીવનના અંતિમ શ્વાસ સુધી તે પોતાનું પાત્ર ભજવતો રહે છે પણ આ પાત્રને ક્યારેય જશ મળતો નથી.સમસ્યા એ છે કે, આ જગતમાં 'મા' વિશે ઘણું લખાયું છે, ઘણું ગવાયું છે. માતાનો પ્રેમ હિમાલયની નદીઓ જેવો પવિત્ર અને નિર્મળ છે, પણ પિતા? પિતા એ પોતે જ હિમાલય છે - અડીખમ, શાંત, ગંભીર અને પરિવારને દરેક સ્થિતિમાં રક્ષણ આપતો એક અદ્રશ્ય કિલ્લો. માતા જો ઘરનું ગૌરવ છે, તો પિતા એ ઘરની સત્તા અને અસ્તિત્વ છે. મહાભારતના વનપર્વમાં જ્યારે યક્ષે યુધિષ્ઠિરને પૂછ્યું કે, ''આકાશથી પણ ઊંચું કોણ છે?'' ત્યારે ધર્મરાજ યુધિષ્ઠિરે સચોટ ઉત્તર આપ્યો હતો :'માતા ગુરુતરા ભૂમેઃ પિતા ઉચ્ચતરશ્ચ ખાત્ ।'

તેનો અર્થ એવો છે કે, માતા ભૂમિ (પૃથ્વી) કરતાં પણ ભારે છે અને પિતાનું સ્થાન આકાશ કરતાં પણ ઊંચું છે. આકાશ જેમ અનંત છે, તેમ પિતાનો ત્યાગ અને પ્રેમ પણ અનંત છે.

વિશેષ

આપણે જ્યારે નાના હોઈએ છીએ ત્યારે પિતા દુનિયાના સૌથી શક્તિશાળી માણસ લાગે છે. આપણને લાગે છે કે તેમની પાસે દરેક સમસ્યાનો ઉકેલ છે, તેમની પાસે અખૂટ પૈસા છે. પણ જેમ જેમ આપણે મોટા થઈએ છીએ, ત્યારે સમજાય છે કે પિતા કોઈ સુપરમેન નહોતા, તેઓ તો એક સામાન્ય માણસ હતા જે આપણી જીદ પૂરી કરવા માટે અસામાન્ય મહેનત કરતા હતા. આપણા શરીર પર શોભતા ઈસ્ત્રીટાઈટ બ્રાન્ડેડ કપડાં, હાથમાં ઝગારા મારતા લેટેસ્ટ સ્માર્ટફોન પાછળ મહેનત અને પીડાની કરચલીઓ છુપાવનારા અને ડફોળ બનીને વૈતરું કરનારા પિતાના પરસેવાની કમાણી હોય છે. પિતા પોતાના માટે ક્યારેય નવો શર્ટ ખરીદતા પહેલાં દસ વાર વિચારશે, પણ સંતાનના સ્કૂલના યુનિફોર્મ કે દિવાળીના કપડાં માટે ક્યારેય આનાકાની નહીં કરે. માતા રડીને પોતાનું દુઃખ હળવું કરી શકે છે, પણ પિતા? પિતા ક્યારેય સંતાનો સામે રડી શકતા નથી. પુરુષાર્થની ગરમીમાં અને જવાબદારીના બોજ નીચે પિતાના આંસુ અંદર જ સુકાઈ જાય છે.

જ્યારે આખી દુનિયા તમારી સામે આંગળી ચીંધતી હોય, ત્યારે એક જ વ્યક્તિ એવી હોય છે જે તમારી પીઠ પાછળ ખડકની જેમ ઊભી રહે છે અને કહે છે, ''તું ચિંતા ન કર, હું બેઠો છું ને!'' આ ''હું બેઠો છું'' એ ત્રણ શબ્દો કોઈ પણ સંતાન માટે દુનિયાનું સૌથી મોટું લાઈફ ઈન્સ્યોરન્સ કવચ છે. પિતા ક્યારેય પ્રેમ વ્યક્ત કરી શકતો નથી, તે તો માત્ર કરીને બતાવે છે કે, તેને કેટલો પ્રેમ છે.

તેના આ ત્રણ શબ્દોમાં સકલ બ્રહ્માંડનો નાદ હોય છે જે આપણને આશીર્વાદ સમાન લાગે છે.આપણે બધા જ જાણીએ છીએ કે, માતાનો પ્રેમ વાચાળ હોય છે. તે વહાલ કરે, લાડ કરે, માથે હાથ ફેરવે અને રસોઈ બનાવીને ખવડાવે. પિતાનો પ્રેમ મૌન હોય છે. તમે મોડા ઘરે આવો ત્યારે હોલમાં જાગતી મમ્મી બેઠી હોય પણ રૂમમાં જાતો બાપ બેઠો હોય તેને આપણે ક્યારેય જોતા નથી. પરીક્ષાનું રીઝલ્ટ સારું આવે ત્યારે મમ્મી તમે ભેટી પડે, હેતથી નવડાવી દે પણ પિતા આવું ન કરી શકે. તે દૂર ઊભા રહીને ગર્વ કરે, મનમાં હરખના આંસુ સારે અને વટથી પોતાની આસપાસના લોકોને પેંડા અને મીઠાઈ વહેંચે. જ્યારે તમે બીમાર હો ત્યારે તમારા માથે પોતા મુકવા કે તમને દવા આપવા તમારી માતા જ આવે. તેમ છતાં અડધી રાત્રે રૂમમાં છાનામાના આવીને તમારા કપાળ પર હાથ મૂકી તાવ ચેક કરે, એ પિતા.

# ભારતીય સંસ્કાર વારસાનો આત્મા એટલે સંસ્કૃત ભાષા

સંસ્કૃત ભાષા એ ભારતીય સંસ્કૃતિનો આત્મા છે. વિશ્વની આ સૌથી પ્રાચીન ભાષા માત્ર ધાર્મિક ગ્રંથોની ભાષા નથી, પરંતુ વિજ્ઞાન, ગણિત, દર્શન અને આયુર્વેદ જેવા વિવિધ ક્ષેત્રોનું મૂળ પણ છે. વર્તમાન યુગમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (છોંકિૈજ્ઞૈક્ષ્ઙ્ગ હીંક્ષ્ઙ્ગૈખ્ખીહજ્ઞી) અને પ્રાકૃતિક ભાષા પ્રક્રિયા (દ્રક્ષ્ઠ ક્વિંક્ષ્ણ ન્ક્ષ્ઙ્ગક્ષ્હક્ષ્ક્ષી ષ્ઠીજજૈહક્ષ્ક્ષ) ક્ષેત્રે સંસ્કૃતનો અભ્યાસ થઈ રહ્યો છે. પાણિનિનો અષ્ટાધ્યાયી વ્યાકરણ ગણિતીય સૂત્રો પર આધારિત છે, જે આજે પણ સુસંગત છે. યુનેસ્કોએ સંસ્કૃતને વિશ્વની પ્રાચીનતમ ભાષા તરીકે માન્યતા આપી છે. આ ભાષા પોતાની ઉચ્ચારણની ચોકસાઈથી મગજની એકાગ્રતા અને સ્મૃતિશક્તિ વધારવામાં મદદરૂપ છે.

સંસ્કૃત ભારતીઃ ભાષા ક્રાંતિની પ્રણેત્રી ગણી શકાય.સંસ્કૃત ભારતી સંસ્થાની સ્થાપના ૧૯૮૧ના વર્ષમાં બેંગલોરુ ખાતે થઈ. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સંસ્કૃત ભાષાને જનસામાન્યનાં રોજિંદા વ્યવહારમાં લાવવાનો અને તેના દ્વારા સાંસ્કૃતિક પુનરુત્થાન કરવાનો છે. 'પઠ્યેત્ સંસ્કૃતમ્ જગતિ સર્વમાનવૈઃ' એટલે કે સમગ્ર વિશ્વના મનુષ્યોએ સંસ્કૃત શીખવું જોઈએ, એ આ સંસ્થાનું દ્રષ્ટિવાક્ય છે. આ સંસ્થા ફક્ત ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વના ૨૬ દેશોમાં સક્રિય છે અને તેના ૪,૫૦૦ કાર્યકેન્દ્રો દ્વારા ભાષાનું પ્રચાર-પ્રસાર કરે છે.

સંસ્કૃત ભારતીની સૌથી લોકપ્રિય પ્રવૃત્તિ 'સંસ્કૃત સંભાષણ શિબિર' છે. આ ૧૦ દિવસીય શિબિર દરરોજ બે કલાક ચાલે છે અને સરળ સંસ્કૃત બોલતા શીખવે છે. બાળકો માટે 'બાલકેન્દ્ર' અને ગીતા શીખવવા 'ગીતા કેન્દ્ર' જેવા કાર્યક્રમો પણ ચલાવે છે. આ સંસ્થા સમાજના તમામ વર્ગો, જાતિ, ધર્મ, લિંગ અને વયના લોકોને સંસ્કૃતથી જોડવા માટે સ્વયંસેવકોની મોટી ટીમ સાથે કાર્યરત છે.

**ભારતીય સંસ્કૃતિનો પ્રાચીન વારસો સંસ્કૃત ભાષા રૂપમાં સચવાયેલો છે આજે અનેક ગ્રંથો એવા છે જેમાં આધુનિક જ્ઞાન વિજ્ઞાનના મૂળ જોવા મળે છે આજે જેને એ આઈ ટેકનોલોજી કહેવામાં આવે છે તે વસ્તુ સંસ્કૃતમાં પરાશક્તિના રૂપે વર્ણિત થયેલી છે. આપણા પ્રાચીન ગ્રંથો ઉપનિષદો પુરાણો દર્શન શાસ્ત્રો વેદાંત સહિતના અનેક ગ્રંથો મૂળ સંસ્કૃતમાં છે જે જ્ઞાન વિજ્ઞાનનો ખજાનો છે જેનો અભ્યાસ કરીને આજે માનવી પ્રગતિના શિખરો સર કરી રહ્યો છે**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સંસ્કૃતને શાળાકીય શિક્ષણમાં પ્રાથમિકતા આપે છે, અને સંસ્કૃત ભારતીએ ગુજરાત સરકારને ધોરણ ૩થી સંસ્કૃત શીખવવાની ભલામણ કરી છે. સંસ્થાના ગુજરાત પ્રાંતના સંગઠન સચિવ હિમાંજય પાલીવાલના જણાવ્યા અનુસાર, સંસ્કૃત ભારતીય ભાષા તંત્રની કુંજી છે, અને તેને સમજવાથી આપણે ભારતીય જ્ઞાન પરંપરા વધુ સારી રીતે સમજી શકીશું.

ગુજરાત રાજ્ય સંસ્કૃત શિક્ષણ બોર્ડ અને યોજના વિષે પણ જાણવું જરૂરી છે

